| કાર્યપાલક ઈજનેર<br>સેન્ટ્રલ ઝોન | | સુરત મહાનગરપાલિકા<br>**સેન્ટ્રલ ઝોન,નવુ વહીવટી ભવન**<br>મુગલીસરા મેઈન રોડ, સુરત. Ext.૨૦૫<br>કન્ટ્રોલ રૂમ : ટે.નં.૨૪૨૦૫૪૭ ફેકસ : ૨૪૨૦૫૪૮ |
|---|---|---|

**સે.ઝોન/એન્જી/આઉટ/નં.૬૦૭૪**
**તા.૦૬/૦૩/૨૦૨૫**

## ઓનલાઈન કવોટેશન

પ્રતિ,
..............................

..............................

**વિષય :– સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ ગોપીપુરા, કુંભારવાડ, સંઘાડીયાવાડ ખાતે બનાવેલ સી.સી. રોડની બંને બાજુએ બ્યુટીફીકેશન માટે રોટો મોલડેડ પ્લાસ્ટીક પોટ ખરીદ કરવાનું કામ. (બીજો પ્રયાસ)**

ઉપરોકત વિષયે જણાવવાનું કે, સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ ગોપીપુરા, કુંભારવાડ, સંઘાડીયાવાડ ખાતે બનાવેલ સી.સી. રોડની બંને બાજુએ બ્યુટીફીકેશન માટે મુકવા ૧૫૯ સુરત પૂર્વ વિધાનસભા મત વિસ્તારના માન.ધારાસભ્યશ્રી અરવિંદભાઈ શાંતિલાલ રાણાની વર્ષ ૨૦૨૪–૨૫ ગ્રાન્ટમાંથી નીચે જણાવ્યા મુજબની વિગતના પ્લાસ્ટીક પોટ મુકવા માટે કવોટેશનથી ભાવો મંગાવવામાં આવે છે.

**પત્રક – અ**

| વિગત | ટોપ ડાયા. (ઈચ) | બોટમ (ઈચ) | હાઈટ (ઈચ) | લીટર | અંદાજીત જરૂરી જથ્થો / નંગ | પ્રતિ નંગ ભાવ રૂા. (અંકમાં) | પ્રતિ નંગ ભાવ રૂા. (શબ્દોમાં) |
|---|---|---|---|---|---|---|---|
| ક્રિસ્ટલ–૫૦ (ચોરસ) | ૨૦×૨૦ | ૧૫ | ૧૭ | ૭૧ | ૫૦ | | |

૧. ઈજારદારે ૧૦૦% વર્જીન યુ.વી. ગ્રેડના પ્લાસ્ટીકના કુંડા સપ્લાય કરવાના રહેશે.
૨. ઈજારદારે યુ.વી. ગ્રેડના પ્લાસ્ટીકના કુંડાની પહોંચ સુરત મહાનગરપાલિકાના હદ વિસ્તારના કોઈપણ સ્થળે સ્વખર્ચે પહોંચ કરવાની રહેશે.
૩. ઈજારદારે સ્વખર્ચે યુ.વી. ગ્રેડના પ્લાસ્ટીકના કુંડાનું લોડીંગ/ અનલોડીંગ કરવાનું રહેશે.
૪. યુ.વી. ગ્રેડના પ્લાસ્ટીકના કુંડા જણાવયા મુજબ / સાઈઝ / ડીઝાઈન મુજબના ન હશે અથવા કુંડાને નુકસાન થયેલ હશે તેવા કુંડાઓ સ્વીકારવામાં આવશે નહી.
૫. ઈજારદારે કામગીરી નિયત સમયમાં પુર્ણ કરી સંબંધિત સુપરવાઈઝરને જાણ કરવાની રહેશે.
૬. બીન શરતી ટેન્ડર જ સ્વીકારવામાં આવશે.
૭. તકરારી બાબતે સુરત કોર્ટને આધિન સુરત મહાનગરપાલિકાના કમિશનરશ્રી અધિકૃત રહેશે.
૮. ઉપરોકત શરતોમાં ફેરફાર કરવાનો સર્વ હકક સુરત મહાનગરપાલિકાને અબાધિત રહેશે.
૯. ઈજારદારે ભાવ લાગુ પડતા તમામ વેરા (જીએસટી) સહિતના તેમજ સુરત બેઠાના આપવાના રહેશે.
સુરત મહાનગરપાલિકા દ્વારા એકવાર મંજુર થયેલા ભાવો બાબતે ઈજારો મંજુર કર્યા બાદ પાછળથી કોઈપણ જાતના ભાવમાં ફેરફારની માંગણી માન્ય રાખવામાં આવશે નહી.
૧૦. સફળ ઈજારદારને કામની સોંપણી થયેથી સદર કામ અંગે રૂા.૩૦૦/–ના એક એવા ત્રણ સ્ટેમ્પ પેપર ઉપર (૧) કરારનામુ ( Article 5(h) Agreement (not otherwise Provided for) (૨) સ્યોરીટી– (Article 32 Letter of Guarantee) (૩) અંડર ટેકિંગ– sArticle 29 Indemnity Bond) કરવાના રહેશે. (સ્યોરીટી આપનાર પાર્ટીના પુરાવા (આધારકાર્ડ, ચુંટણીકાર્ડ, પાનકાર્ડ કરારનામુ સાથે અચુકથી દર્શાવવાના રહેશે.)
૧૧. કવોટેશન સ્વીકારવાની આખરી તારીખના કામકાજના બીજા દિવસે અનુકુળતા હશે તો અથવા અન્ય અનુકુળ દિવસે/ સમયે કવોટેશનો ખોલવામાં આવશે.
૧૨. સુરત મહાનગરપાલિકા ધ્વારા બીલની ચુકવણી ઓન લાઈન કરવામાં આવતી હોય, આપશ્રી પાસે સુરત મહાનગરપાલિકાનો પાર્ટીકોડ ન હોય, તો તાકીદે સુરત મહાનગરપાલિકાના હિસાબી વિભાગનો સંપર્ક કરી પાર્ટીકોડ મેળવી લેવાનો રહેશે. પાર્ટીકોડ મેળવ્યા બાદ જ બીલની ચુકવણીની કાર્યવાહી કરવામાં આવશે.

૧૩. કોઈ પણ ભાવો સ્વીકારવાના અથવા તમામ ભાવ દફતરે કરવાનો અબાધિત અધિકાર સુરત મહાનગરપાલિકાને રહેશે તથા તે માટે કોઈપણ કારણો આપવામાં આવશે નહી.

૧૪. જે ઈજારદારનાં ભાવપત્રક મંજુર કરવામાં આવે તે ઈજારદારે અત્રેથી આપવામાં આવનાર વર્કઓર્ડરમાં જણાવેલ શરતો મુજબ કામગીરી કરવાની રહેશે, ઉપરાંત સુરત મહાનગરપાલિકાના નિયમાનુસાર સીકયુરીટી ડિપોઝીટ ભરવાની રહેશે.

૧૫. **ઈજારદારે ઉપરોકત દર્શાવેલ પત્રક – અ માં દર્શાવ્યા મુજબના ભાવ આપના લેટરપેડ પર તા.૧૮/૦૩/૨૦૨૫ ના રોજ સાંજે ૫:૦૦ કલાક સુધીમાં સીલબંધ કવરમાં કવરની ઉપર વિષય લખી નીચે સહિ કરનારની કચેરીએ મળે તે રીતે મોકલવાના રહેશે.**

**-sd-**
**કાર્યપાલક ઈજનેર**
**સેન્ટ્રલ ઝોન**
**સુરત મહાનગરપાલિકા**

ઉપર જણાવ્યા મુજબની તમામ શરતો મેં વાંચી છે સમજી છે.
જે તમામ મને બંધનકર્તા છે અને રહેશે.
ઈજારદારની સહી, સિકકો, સરનામું

તારીખ:

સ્થળ: